# ભાવનગરના મે. ઔદ્યોગિક ન્યાયપંચ, સમક્ષ, મુ.ભાવનગર.

રેફરન્સ (આઈ.ટી.) નં.૩૮/૨૦૦૮

:: આંક–૧ નુ સાંધણ ::

:: હુ ક મ ::

આ કામે રેફરન્સનું રેકર્ડ વંચાણે લેતા જણાય આવે છે કે, આ કામના પ્રથમ પક્ષકાર નં.૩ અને ૫ ને નોટીસ ઈસ્યુ કરતા ઉપરોકત બંને પક્ષકાર કંપનીઓ ઘણા લાંબા સમયથી બંધ હોવાના બેલીફના શેરાથી વગર બજે પરત થયેલ છે. ત્યારબાદ આ કામના બીજા પક્ષકાર તરફથી પ્રથમ પક્ષકાર નં.૩ અને ૫ ના નવા સરનામા રજુ કરેલ નથી કે તેઓને નોટીસની બજવણી કરવા માટે કોઈ પ્રયત્ન પણ કરેલ નથી. આમ, બીજા પક્ષકાર તરફથી આ રેફરન્સ સને–૨૦૦૮ માં દાખલ કર્યા બાદ આજ દીન સુધી આશરે ૧૭ વર્ષનો સમય પસાર થવા છતા બીજા પક્ષકાર તરફથી પ્રથમ પક્ષકાર નં.૩ અને ૫ ને નોટીસની બજવણી કરવામાં બેદરકારી દાખવેલ હોય. બીજા પક્ષકાર ઉપરોકત પ્રથમ પક્ષકાર નં.૩ અને ૫ સામે રેફરન્સની કાર્યવાહી ચલાવવા માંગતા નથી તેવુ સ્પષ્ટ જણાય આવે છે.

આથી, હાલના રેફરન્સના કામે પ્રથમ પક્ષકાર નં.૩ એચ.કે.દેવ પ્રા.લિ. તથા તેના માલીકશ્રી, ભાગીદારશ્રી, કબ્જેદારશ્રી અને પ્રથમ પક્ષકાર નં.૫ એલ.જી.પી. એન્ડ સન્સ તથા તેના માલીકશ્રી, ભાગીદારશ્રી, કબ્જેદારશ્રીને ડીલીટ કરી તેઓને આ રેફરન્સના કામેથી પક્ષકાર તરીકે રદ કરવામાં આવે છે.

Dated: 01/08/2025.
Place: BHAVNAGAR.

(M.S. BAQUI)
MEMBER
INDUSTRIAL COURT
BHAVNAGAR.
JUDGE CODE GJ-00683